If you want to fly, We provide wings...

# ICE®

# TRENDING CURRENT

TOPIC 57

## ઓપરેશન સંજીવની



ચર્ચામાં શા માટે ?

ઓપરેશન સંજીવની વિશે

માલદીવ વિશે


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


TOPIC-57નો વીડિયો જોવા માટે અહીં CLICK કરો

YouTube ICE RAJKOT SUBSCRIBE માટે અહીં CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

# ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં ભારતીય વાયુસેના (Indian Air Force-IAF) એ 'ઓપરેશન સંજીવની' હેઠળ આવશ્યક દવાઓ અને હોસ્પિટલ સંબંધી 6.2 ટન સામગ્રી માલદીવ પહોંચાડવામાં આવી હતી.

## ઓપરેશન સંજીવની વિશે

- માલદીવ દ્વારા ભારતમાં આઠ સપ્લાયર્સ પાસેથી દવાઓ અને અન્ય ઉપયોગી વસ્તુઓ ખરીદવામાં આવી હતી. પરંતુ લોકડાઉનના કારણે તેને કોઈપણ માધ્યમથી માલદીવ લઈ જવું શક્ય ના બન્યું.
- માલદીવ સરકારની વિનંતી પર ભારતીય વાયુસેનાએ ઓપરેશન સંજીવની શરૂ કર્યું અને પરિવહન વિમાન C-130Jના માધ્યમથી માલદીવની ઉડાન પહેલા નવી દિલ્હી, મુંબઈ, ચેન્નઈ અને મદુરાઈના હવાઈ મથકેથી આ દવાઓ મેળવી હતી.
- આ દવાઓમાં મુખ્યત્વે Lopinavir અને Ritonavir દવાઓ પહોંચાડવામાં આવી હતી. કેટલાક દેશોમાં આ બન્ને દવાઓનો ઉપયોગ COVID-19ના દર્દીની સારવાર માટે કરવામાં આવે છે.
- થોડા સમય પહેલા ભારતે 'વાયરલ પરીક્ષણ પ્રયોગશાળા' સ્થાપવા માટે 14 સભ્યોની સૈન્ય મેડિકલ ટીમને માલદીવ મોકલી હતી. તથા ભારત સરકાર દ્વારા માલદીવને ભેટ રૂપે 5.5 ટન આવશ્યક દવાઓ આપવામાં આવી હતી.
- COVID-19 મહામારીમાં કાર્ય કરતા આરોગ્ય કર્મચારીઓની સલામતીને લગતા ઉપકરણોની આયાત કરવામાં ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓને મદદ કરવા માટે સરકારે પગલાં લીધા છે.
- આ માટે ભારત સરકારે એર ઈન્ડિયાના શંઘાઈ અને હોંગકોંગ કાર્ગો ફ્લાઈટ્સ ચલાવવા માટે ચીન પાસેથી મંજૂરી પણ મેળવી લીધી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સપ્ટેમ્બર 2014માં માલે (માલદીવ)માં મુખ્ય RO પ્લાન્ટ બગડવાના કારણે પીવાના પાણીની તીવ્ર કટોકટી ઉત્પન્ન થઈ હતી.
- આથી માલદીવ સરકારની વિનંતી પર ભારતીય વાયુસેનાએ ત્રણ C-17 અને ત્રણ IL-76 વિમાનની મદદથી માલેમાં 374 ટન પીવાનું પાણી પૂરું પાડ્યું હતું. ભારતીય વાયુસેનાનાં આ ઓપરેશનને 'ઓપરેશન નીર' નામ આપવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત વર્ષ 1988માં માલદીવમાં થયેલા ભાડૂતી આક્રમણ (Mercenary Invasion)નો સામનો કરવા માલદીવ સરકારની વિનંતી પર ભારતીય વાયુસેનાએ 'ઓપરેશન કૈક્ટસ' (Operation Cactus) દ્વારા માલદીવની મદદ કરી હતી.
- આ ઓપરેશનથી ભારતીય વાયુસેનાની વ્યૂહાત્મક વિમાનમથક ક્ષમતાનું પ્રદર્શન થયું હતું.

## માલદીવ વિશે

- હિંદ મહાસાગરમાં ભારતના દક્ષિણ તટથી લગભગ 400 કિલોમીટર દૂર આવેલું માલદીવ 1100 કરતાં વધુ ટાપુઓનો સમૂહ છે.
- માલદીવ વસતી અને વિસ્તાર એમ બંને દષ્ટિએ એશિયાનો સૌથી નાનો દેશ છે.
- માલદીવની રાજધાની માલે છે તથા તેનું ચલણ માલદીવીયન રૂફિયા છે.
- વર્ષ 2016ની વસતી ગણતરી અનુસાર તેની વસતી આશરે 4.27 લાખ છે.
- તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને માલદીવનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'નિશાન ઈઝ્ઝુદ્દીન' એનાયત થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT